ગાંધીનગર સમાચાર

ઉત્તરાયણ પર્વે તકેદારીની અવગણના નહિ

# શહેરમાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉત્સાહભેર ઉજવણી

## 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે શહેરની શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રદર્શનો તથા પુષ્પાંજલિના કાર્યક્રમો યોજાયા : યુવાનોએ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાનના સંકલ્પ લીધા

ગાંધીનગર, તા.૧૨

પોતાની યુવા વયે સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિને રાષ્ટ્ર્ય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તથા સ્વૈચ્છિક અને સરકારી સંસ્થાઓ દ્વારા આ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિથી માંડીને પ્રદર્શન અને સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

● **સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર, સે-૧૨**

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન પ્રેરિત તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા વિજ્ઞાન તથા અંગ્રેજી ભાષાનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, મદદનીશ શિક્ષણ નિરિક્ષક નેન્સી ગુપ્તે તથા મોતીભાઈ દેસાઈ, શિક્ષણ નિરીક્ષક એસ.જી. પટેલ તથા જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યો, કર્મચારી ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત



(તસવીર : કશ્યપ નિમાવત)



રહ્યા હતા. વિજ્ઞાન પ્રદર્શનમાં કુલ ૫૭ કૃતિઓ રજુ કરાઈ હતી જયારે અંગ્રેજી પ્રદર્શનમાં કુલ ૩૦ કૃતિઓ રજુ કરાઈ હતી. આ પ્રદર્શનમાં કુલ ૧૯૭ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

● **આઈ. ટી. આઈ. ગાંધીનગર, સે-૧૫**

આઈટીઆઈ ખાતે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી નિમિત્તે તમામ ટ્રેડના નવા સંશોધનો રજુ કરતું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈટીઆઈમાંથી અગાઉ તાલીમ લઈ ચુકેલા તાલીમાર્થીઓ દ્વારા પોતાના વ્યવસાયમાં મળેલ સફળતા અંગે પ્રતિભાવ અને તેમના ઉત્પાદનો પણ રજુ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્કૃષ્ઠ મોડેલ્સ બનાવી રજૂ કર્યા હતા. આ પ્રસંગે રાજય કક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોરે ઉપસ્થિત વિજેતાઓને ઈનામોથી સન્માન્યા હતા.

● **નહેરુ યુવા કેન્દ્ર**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પમાં આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સવારે ૯ કલાકે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સહયોગથી યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના તમામ ડોકટર્સ, નર્સીસ તથા અન્ય કર્મચારીગણ અને નહેરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર સહિત મોટી સંખ્યામાં યુવા સ્વયં સેવકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

● **યુથ હોસ્ટેલ, સે-૧૬**

સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે બપોરે ૧ કલાકે યોજાયેલ કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્રના ડેપ્યુટી ડાયરેકટર શ્યામજી રાજુ પુરોહિતે ઉપસ્થિત રહી યુવાઓને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા અંગેના શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ પ્રસંગે તેમણે સ્વામી વિવેકાનંદનો જીવન સંદેશ પાઠવતા યુવાનોને પ્રેરક ઉદબોધન પણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં યુથ હોસ્ટેલના સંચાલક રજનીકાંત સુથાર સહીત મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

● **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સે-૨૦**

સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મ જયંતિ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે બપોરે ૧૨ થી ૪ કલાક દરમિયાન સ્વામી વિવેકાનંદના જીવન અને કાર્ય સંબંધી ડોકયુમેન્ટરી તથા પ્રદર્શનીનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં શહેરની શાળાઓ, મહાવિદ્યાલયો વગેરેના શિક્ષકો તથા નગરજનો સાથે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. કાર્યક્રમમાં ગુજરાતમાં સ્વામીજી અને તેમની જીવનયાત્રા વિષયે ટુંકી ફિલ્મ, પુસ્તકો, ફોટો વગેરેનું પ્રદર્શન કરાયું હતું તથા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરાયો હતો.

● **સિધ્ધાર્થ લો કોલેજ, સે-૧૬**

રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સિધ્ધાર્થ લો કોલેજમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય, કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## માત્ર રૂ. ૪૦૦માં અર્થ કવેક એલાર્મ સીસ્ટમ



ગાંધીનગર આઈટીઆઈ ખાતે રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે યોજાયલ સંશોધન સ્પર્ધામાં તાલમાર્થીઓ દ્વારા આશ્ચર્યજનક સંશોધનો પ્રસ્તુત કરાયા હતા. ગાંધીનગર આઈટીઆઈના ઈલેકટ્રોનિક ટ્રેડ વિભાગના તાલીમાર્થીઓ ઈમરાન પઠાણ, ધ્રુવ પ્રજાપતિ તથા જયેશ રાવલે માત્ર રૂ. ૪૦૦ના નજીવા ખર્ચે ધરતીકંપની જાણકારી આપતું યંત્ર બનાવ્યું હતું. આ યંત્ર જાતે બનાવી ઘરમાં લગાડી શકાય છે. જેમાં એક બેટરી તથા એક સર્કિટના ઉપયોગ સાથે એક બઝર એલાર્મ લગાડવામાં આવે છે જે ધરતીકંપ સમયે ઘરમાંથી ઝડપથી બહાર નીકળી જવા ચેતવે છે.




ગાંધીનગર આઈટીઆઈના ઈન્સ્ટુમેન્ટ મિકેનીકલ ટ્રેડ વિભાગના તાલીમાર્થીઓ પિયુષ ગોજિયા અને જયદેવ મકવાણા દ્વારા રોડ પરના સ્પીડ બ્રેકર્સ દ્વારા વીજળી પેદા કરતું મોડેલ પ્રસ્તુત કરાયું હતું. આ મોડેલમાં રિવોલ્વીંગ સ્પીડબ્રેકર્સ દ્વારા વાહનો પસાર થતી વખતે વીજળી પેદા કરી તે માર્ગો પરની સ્ટ્રીટલાઈટો માટે ઉપયોગમાં લઈ શકાય છે. તાલીમાર્થીઓના આ મોડેલે મુલાકાતીઓમાં ભારે કુતુહલ જમાવ્યું હતું.



રાષ્ટ્રીયયુવા દિવસ નિમિત્તે યોજાયેલ સંશોધન પ્રદર્શનમાં સરસપુરથી આવેલ આઈટીઆઈના તાલીમાર્થીઓ એ ફેશન ડિઝાઈન અને ટેકનોલોજી ટ્રેડ વિભાગમાં નવીનતમ પ્રોજેકટ પ્રસ્તુત કર્યો હતો. આ પ્રોજેકટમાં તાલીમાર્થી રિધ્ધિ પટેલ અને ઋતુસિંઘ દ્વારા ટેક્ષચર પ્રિન્ટીંગમાં વેજીટેબલ, વેકસ, થ્રેડ, ઈન્ડો વેસ્ટર્ન વગેરે આધારિત અવનવી ડિઝાઈન્સના નમૂના પ્રસ્તુત કરાયા હતા. આ સાથે તેમણે વિવિધ ડિઝાઈન્સના સુંદર મોટીફસ પણ રજુ કરી મુલાકાતીઓને આકર્ષ્યા હતા.

## @ગાંધીનગર

● સેકટર-૨૫ સ્થિત હિલવુડ સ્કૂલમાં રોડ સેફટી અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતગાર કરતો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગરના જાણીતા કલાકાર સુરેશ રત્નોત્તર દ્વારા બપોરે ૧.૧૦ કલાકે આકાશવાણી અમદાવાદ રેડિયો પરથી સુગમ સંગીત કાર્યક્રમ અંતર્ગત કલોલના યુવા કવિ શૈલેષ પંડયા 'ભીનાશ'ની બે ગઝલો પ્રસ્તુત કરાશે.

**- નજાહખાનમ સૈયદ**

## જી.આઈ.પી.એસ. શાળામાં સમરસતા દિવસનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

રાંધેજા સ્થિત ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે તાજેતરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ દિવસ નિમિત્તે સમરસતા દિવસ તરીકે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન અંતર્ગત વકતવ્ય આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત રોહિત સમાજના પ્રમુખ છગનભાઈ પરમાર, સંત રોહિતદાસ ભવન સેકટર-૬ના કાનજીભાઈ પરમાર, રમતગમત કચેરીના નાયબ જિલ્લા અધિકારી બાબુભાઈ ચૌધરી, શહેર વસાહત મંડળના પ્રમુખ લાલુભાઈ દેસાઈ અને કચેરીમાં એમ.ઓ. તરીકે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ સોલંકી, શાળાના આચાર્યા ક્રિના ક્રિશ્ચિયન, ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## વીરમાયા સ્મારક સમિતિની બેઠક ગાંધી આશ્રમ ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજ પાટણ દ્વારા તાજેતરમાં અમદાવાદ ગાંધીઆશ્રમ ખાતે સમાજની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ માયા સાતમની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં સમિતિના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, મહામંત્રી ડી.પી. પરમાર, ઉપપ્રમુખ પ્રેમજીભાઈ-હારીજ, રતિલાલ મકવાણા-મહેસાણા, ડૉ.કાંતિભાઈ પરમાર, પ્રોફેસર નરસિંહદાસ આ ઉપરાંત ગુજરાતભરમાંથી પ્રદેશ આગેવાનો હાજર રહ્યા હતાં.

## લીંબડીયા કેનાલમાં ઝંપલાવી રીક્ષા ડ્રાઈવરનો આપઘાત

### ત્રણ દિવસથી દશક્રોઈનો ૨૧ વર્ષીય રીક્ષા ડ્રાઈવર ઘરેથી ગાયબ હતો : સોમવારે કેનાલ બહારથી રીક્ષા મળી હતી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક આવેલી લીંબડીયા નર્મદા કેનાલની બહાર ગઈકાલે રીક્ષા પાર્ક કરીને અમદાવાદના દશક્રોઈ તાલુકાના એક ગામનો રીક્ષાચાલક યુવાન કુદી ગયો હતો. કેનાલ બહાર રીક્ષા જોઈને ચાલુ કરેલી શોધખોળને અંતે આજે બીજે દિવસે રીક્ષા ચાલક ૨૧ વર્ય યુવાનનો કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદના દશક્રોઈ તાલુકામાં આવેલ ભરકુંડા ખાતે રહેતા ૨૧ વર્ષીય રાકેશભાઈ રમણજી ઠાકોર રીક્ષા ચલાવીને પરિવારને આર્થિક મદદ પુરી પાડતો હતો. ૯ જાન્યુઆરીએ રીક્ષા લઈને ઘરેથી નિકળ્યા બાદ રાકેશનો કોઈ જ પત્તો ન હતો. દરમ્યાન ગઈકાલે લીંબડીયા નર્મદા કેનાલ બહારથી તેની રીક્ષા મળી આવી હતી અને આજે સવારે કેનાલના પાણીમાં તરતો તેનો મૃતદેહ મળી આવ્યો હતો. લીંબડીયા કેનાલ બહાર રીક્ષા મુકીને રાકેશે કોઈ અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી મુકી હતી. ડભોડા પોલીસે આજે મૃતદેહ બહાર નીકાળી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પી.એમ. કરાવી તપાસ શરૂ કરી છે. જો કે હજુ સુધી યુવાનના આપઘાતનું કારણ બહાર આવ્યું નથી.

## શહેરના વિસનગરા નાગર પરિવારનો ૨૨મો સ્નેહમિલન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા વિસનગરા નાગર પરિવારનો ૨૨મો સ્નેહમિલન સમારોહ તાજેતરમાં સેકટર-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સમાજના ૪૦ તેજસ્વી તારલાઓનું તેમજ ૭૫ થી વધુ વયના ૬ વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગર પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના વિસનગરા નાગર પરિવાર દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ શહેરના સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ૨૨મો સ્નેહમિલન સમારોહ યોજયો હતો. કાર્યક્રમના પ્રમુખ સ્થાને ઝુંડાલના મહેશભાઈ મહેતા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહેમાનોએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે "નાગર એ જાત નથી પરંતુ સંસ્કાર છે" "ધર્મ થી નહી પરંતુ પોતાના કર્મથી ઓળખાણ બનાવો" તેમજ યુવાનોને સામાજીક પ્રવૃતિઓમાં જોડાવા માટે આહવાન કર્યુ હતું. જયારે પોતાની પ્રગતિ થશે તો સમાજની અને દેશની પ્રગતિ થશે. આ પ્રસંગે સમાજના ધોરણ-૧ થી ઉચ્ચ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને ગુણપત્રકને આધારે પારિતોષિક આપી જયારે પરિવારના ૭૫ થી વધુ વયના વડીલોનું અને વિશિષ્ઠ સિદ્ધી મેળવી હોય તેઓને મહેમાનોના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરિવારના હોદ્દેદારોની સામાન્ય સભા પણ યોજાઈ હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન પરિવારના પ્રમુખ સુરેશભાઈ મહેતા અને મહામંત્રી મહેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે મોટી સંખ્યામાં પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગરના અગ્રણી દર્પણ બુચના માતૃશ્રી સ્વ. રસીલાબેન બુચનું તાજેતરમાં દુઃખદ નિધન થયું હતું. સ્વર્ગસ્થના બેસણામાં આવેલ દાનની રકમને તેમના પૌત્ર નિસર્ગ બુચ દ્વારા અસ્થિ વિસર્જનના સેવા કાર્ય માટે ભેટ આપવામાં આવી હતી.

● સે-૧૬માં મુખ્ય શોપીંગ સેન્ટરમાંથી સેકટરના આંતરિક ભાગમાં જવાના મુખ્ય માર્ગે એક કાર ચાલક રોડ પર જ કાર પાર્ક કરી એક કલાક સુધી ગાયબ થઈ ગયો હતો. આ કારણે માર્ગ પર સારો એવો ટ્રાફિક જામ થઈ જતા વાહનચાલકોએ કાર પાર્ક કરનાર પર આક્રોશ સાથે ફિટકાર વરસાવ્યો હતો.

● ગાંધીનગર આઈટીઆઈ સંકુલને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી માટે તદન નવા રંગરોગાન વડે શણગારવામાં આવ્યું હતું. આઈટીઆઈમાં યોજાયેલ કાર્યક્રમમાં વાહન વ્યવહાર મંત્રી વિજય રૂપાણી નાદુરસ્ત તબિયતના કારણે ઉપસ્થિત નહોતા રહી શકયા.

● પોલિસ ખાતામાં તાજેતરમાં ભરતી કરાયેલા ૫૦૦ પીએસઆઈ અને ૮૮૦ એએસઆઈને તાલીમ માટે તાલમ કેન્દ્રો પર હાજર થવાના ઓર્ડર આપ દેવાયા છે. આ ઉપરાંત ભરતી કરાયેલા કોન્સ્ટેબલ્સને જિલ્લા ફાળવતા હુકમો પણ જારી કરી દેવાયા છે.

● ઉત્તરાયણના પર્વ માટે બજારમાં પતંગ રસિકોએ ખરીદી માટે ભીડ જમાવી છે. જો કે હજુ કેટલીક શાળાઓમાં પરીક્ષાઓ ચાલુ હોવાથી શહેરના ધાબાઓ પર ઉત્તરાયણનો માહોલ જોઈએ તેવો જામતો નથી.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

## ડુંગરી ગરાસિયા સેવા સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરનો દર વર્ષની જેમ વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાવાનો હોઈ આ કાર્યક્રમ અંતર્ગત સમાજના સભ્યોના બાળકોએ ધો-૧૦-૧૨ તેમજ ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટસિદ્ધિ મેળવેલ હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હોઈ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૧૫મી જાન્યુઆરી સુધીમાં સમાજના પ્રતિનિધિઓને વિગતો મોકલી આપવા માટે શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. કે.એન. બામણિયાએ જણાવેલ છે.

# ઉત્તરાયણ પર્વે તકેદારીની અવગણના નહિ

## વિજવાયરોથી દૂર રહેવા, મુખ્યમાર્ગ ઉપર પતંગ લુંટવા નહીં, ટુ વ્હીલર ચલાવતી વખતે મોં તથા ગળુ ઢાંકેલુ રાખવું તથા ધાબા કે અગાશીમાં પતંગ ચગાવતી વખતે બેધ્યાન ન રહેવું જેવી તકેદારીઓ અંગે તંત્રની વારંવાર લોકોને ટકોર

ગાંધીનગર, તા.૧૨

ઉત્તરાયણ આડે ફકત આજનો દિવસ બાકી છે. ત્યારે સમગ્ર નગર આ તહેવાર મનાવવા હિલોળે ચડયું છે. પતંગ દોરીની ખરીદી પણ તેની ચરમસીમા તરફ છે તો બીજી તરફ તંત્ર દ્વારા નગરજનોને વારંવાર જાહેરાત કરી તહેવારના અતિ ઉમંગમાં તકેદારીની અવગણના ન કરવા અનુરોધ થઈ રહ્યો છે. ઉત્તરાયણમાં પતંગ ચગાવવા સાથે સાથે અમુક લોકો ચોકકસ બાબતની ગંભીરતા ન સમજતા મોતના મુખમાં ધકેલાઈ જાય છે. જેથી વડીલોએ નાના બાળકો અને યુવાનોને સતત આ અંગે ધ્યાન દોરવું અનિવાર્ય બન્યું છે. મહામુલી જીંદગી થોડા સમયના આનંદમાં હણાઈ ન જાય તે માટે





હાલના સંજોગો આધિન સતર્ક રહેવું જરુરી છે તેવું તંત્ર જણાવી રહ્યું છે.

ઉત્તરાયણ એ ગુજરાતનો લોકપ્રિય તહેવાર છે અને નાના મોટા, મહિલાઓ અને વૃદ્ધો સહિત સૌ કોઈ આ તહેવારનો આનંદ મન મુકીને ઉઠાવે છે. જો કે આ તહેવારની ઉજવણી દરમિયાન કેટલીક જોખમી બાબતોનું ધ્યાન રાખવું એ જીંદગીની સલામતી માટે જરૂરી બન્યું છે જે માટે તંત્ર પણ નાગરીકોનું સતત ધ્યાન દોરી રહ્યું છે. અને તંત્ર તે માટે ખડે પગે હાજર રહી સુરક્ષા સંદર્ભે કટિબધ્ધ રહે છે. જો કે તહેવારના અતિ ઉમંગ વચ્ચે નજીવી બાબત જીવલેણ બની જતી હોવાથી તહેવાર શોખીનોને આ અંગે અગાઉથી જ સજ્જતા કેળવવા અનુરોધ થઈ રહ્યો છે

ઉત્તરાયણના તહેવારમાં નજીકથી પસાર જીવંત વીજવાયરોથી દૂર રહેવા, મુખ્ય માર્ગ ઉપર પતંગ લુંટવા કે ચગાવવા નહીં, ટુ વ્હીલર ચલાવતી વખતે મોં તથા ગળાના ભાગને ઢાંકેલો રાખવા તથા ધાબા કે અગાશીમાં પતંગ ચગાવવા કે પકડવા સમયે બેધ્યાન ન રહેવું જેવી તકેદારીઓ રાખવા ચેતવણીઓ અપાય છે. વધુમાં કલર કાચથી પાક્કી બનાવાયેલી દોરીઓથી હાથના આંગળા કપાઈ ન જાય તેથી આંગળીઓ ઉપર આવરણ ચડાવીને જ પતંગ ચગાવવા આગ્રહ સેવાયો છે. ઉત્તરાયણ તદન નજીક હોવાથી સૌ કોઈ તે અંગેની તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે ત્યારે તહેવારની ક્ષણભરની મજા આખી જિંદગીની સજા ન બને તે હેતુથી પતંગ રસીયાઓએ તકેદારીઓની અવગણના કર્યા વગર સાવધ રહી ઉત્સવનો આનંદ માણવો જોઈએ તેવું તંત્ર ભારપૂર્વક જણાવે છે.



કડી સર્વવિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝમાં ભણતા સેમિસ્ટર-૬ના ૫૦ વિદ્યાર્થીઓ એડીએસ ફાઉન્ડેશનમાં ઔદ્યોગિક તાલિમ માટે પસંદગી પામ્યા છે. આ વિદ્યાર્થીઓ ૯૫ કલાકની કમ્પ્યુટર હાર્ડવેર અને નેટવર્કિંગની ઊંડાણપૂર્વક તાલીમ લઈને ગુજરાત સરકાર દ્વારા લેવાનાર પરિક્ષા પૂર્ણ કર્યા બાદ પ્રમાણપત્ર મેળવશે આ માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના આઈઆઈઆઈસી સેલના મેન્ટર ડૉ. એન.એન. જાની સાહેબના અથાગ પ્રયત્નો રહેલા છે. આ ટ્રેઈનીંગ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સંસ્થાના ડીરેકટર ડૉ. સંજય એમ. શાહ અને કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

## ચિરવિદાય

- સ્વ. જશીબેન કલુજી બિહોલા, ઉ.વ. ૩૮
- સ્વ. કાન્તાબેન મહેશભાઈ સોની, ઉ.વ. ૪૪
- સ્વ. પ્રહલાદભાઈ પ્રભુદાસ પટેલ, ઉ.વ. ૬૫
- સ્વ. તખીબેન બહેચરભાઈ વાઘેલા, ઉ.વ. ૭૫
- સ્વ. કનૈયાલાલ બાલાશંકર જોશી, ઉ.વ. ૮૦